**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૫.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૫૨ ટકા

# હવે શિયાળુ પાક કચરિયાનું ધૂમ વેચાણ

## આ વર્ષે કચરિયાના ભાવમાં ૧૦ થી ૨૦ ટકાનો વધારો : બજારમાં ૧૫ જેટલા અલગ પ્રકારના કચરિયા ઉપલબ્ધ










ગાંધીનગર, તા.૧૬

શિયાળો આવતા જ શિયાળુ પાકની ખરીદી શહેરીજનો કરતા થઈ ગયા છે. આ સાથે કચરિયું અને ચીકી પણ વેચાણમાં છે. ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે કચરિયાના ભાવમાં ૧૦ થી ૨૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. જેનું કારણ તેનું રો મટીરીયલ્સ એટલે કે તલ, ગોળ અને સીંગદાણાનો ભાવવધારો છે. પરંતુ શહેરીજનો સેહત બનાવવા માટે કોઈ સમાધાન કરવા તૈયાર નથી અને પૂરજોશમાં શહેરીજનો દ્વારા કચરિયાની ખરીદી થઈ રહી છે.

શહેરના વેપારીઓ દ્વારા કચરિયા અને ચીકીનું વેચાણ છેલ્લા વીસેક દિવસથી કરવામાં આવી રહ્યું છે. શહેરના પેથાપુરમાં છેલ્લા ત્રીસેક વર્ષથી કચરિયાનો વેપાર કરતા જયંતિલાલ ચીકીવાળાને ત્યાં દસ થી બાર જાતની ચીકી અને ૧૫ જેટલા અલગ અલગ સ્વાદના કચરિયાનું વેચાણ થઈ રહ્યું છે. આ ઉપરાંત શિયાળાના સ્પેશિયલ લાડુ પણ દસથી વધુ પ્રકારમાં બનાવીને વેચાઈ રહ્યા છે.

શહેરમાં કચરીયાનો ભાવ કિલોએ ૧૬૦ થી ૩૨૦ રૂપિયા છે. ચીક્કી ૯૦ રૂપિયાથી ૪૦૦ રૂપિયે પાંચસો ગ્રામના ભાવથી વેચાઈ રહી છે. જેમાં સીંગ ચીક્કી, તલ ચીક્કી, વાટેલી સીંગ ચીક્કી, કોપરા, ચોકોવીટા, કાજુ-બદામ, મીક્ષ ડ્રાયફ્રુટ-કાળાતલ ઉપરાંત રાજગરાની ચીક્કીની બનાવટ વેપારીઓ દ્વારા વેચવામાં આવી રહી છે.

કચરિયામાં સાદુ, સૂંઢ-ગંઠોડાનું, દેશી ગોળ, ડ્રાયફ્રુટ, ચોકલેટ, ચોકોવીટા, કેસર-બદામ,ઈલાયચી, કોપરા, કાળાતલ તથા કાળાતલનું ડ્રાયફ્રુટ કચરીયું એમ અનેક પ્રકારના કચરિયા શહેરમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત સાલમપાક, અડદીયા પાક, ગુંદર લાડુ, મેથી લાડુ, ખજુર પાક, સીંગ અને તલના લાડુ, મમરા તથા રાજગરાના લાડુનું વેચાણ શહેરના વેપારીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

પેથાપુરના જાણીતા ચીકી અને કચરીયાના વેપારી જયંતિલાલ અને તેમના પુત્ર આદિત્ય પટેલના જણાવ્યા મુજબ અમારે ત્યાં અનેક પ્રકારના ચીકી અને કચરીયાની વેરાયટી ઉપલબ્ધ છે. છેલ્લા ત્રીસેક વર્ષથી ચાલતા આ ધંધામાં ધીમે ધીમે વિકાસ થયો છે. સાદા કચરીયાના વેચાણથી શરુ કરીને આજે અમે પંદરથી વધુ પ્રકારના કચરીયા બનાવીને તેનું વેચાણ કરીએ છીએ. ઉપરાંત ચીક્કીની બનાવટમાં પણ વધારો કરી ગ્રાહકોને ભાવે તેવી ચીક્કીનું વેચાણ પણ કરીએ છીએ. શિયાળુ પાકનું વેચાણ પણ છેલ્લા કેટલાક વર્ષોથી અમારા ત્યાં થાય છે અને ઉત્તરાયણ પહેલા દરેક લાડુ બને છે. અમારે ત્યાં દરેક વસ્તુ બનાવવા માટે રાજસ્થાનથી કારીગરો આવે છે. દર વર્ષે નવરાત્રિ બાદથી ઉત્તરાયણ સુધી કારીગરો દરરોજ વિવિધ વસ્તુઓ બનાવે છે. દરેક વસ્તુ હાથબનાવટની હોય છે તથા પેકિંગ પણ દરેક જાતે કરે છે. અહીંની ખાસ વાત એ છે કે ગ્રાહકને અહીં મળતી દરેક વસ્તુ ચખાડવામાં આવે છે. ગ્રાહકને ચાખવા માટે અલગ બોકસમાં અહીં ઉપલબ્ધ દરેક વસ્તુ રખાય છે અને તેઓ ટેસ્ટ કરીને જ ખરીદી કરે તેવો અમારો પણ આગ્રહ રહે છે. આદિત્ય પટેલના જણાવ્યા અનુસાર તેમનું ભણવાનું પત્યા બાદ પિતા સાથે તેઓ આ વેપારમાં જોડાયા ત્યારબાદ તેમણે ઘણા ઈનોવેટીવ સુધારા લાવવાના પ્રયત્ન કર્યા છે. હું કચરિયાને દેશી ઈમ્યુનીટી બુસ્ટર સિમ્બોલ તરીકે ઓનલાઈન પણ વેચાણ કરી રહ્યા છે. અમારે ત્યાં દરરોજ ૧૦૦ થી ૧૫૦ કિલો કચરિયાનું વેચાણ થાય છે.

કચરિયું આરોગવાથી માનવ શરીરને ઘણા ફાયદા થઈ શકે છે. હાર્ટ રેટ માટે, બ્લડશુગર કન્ટ્રોલ કરવા તેમજ વાળની જાળવણીમાં મદદરૂપ છે. સાથે સુંઠ અને ગંઠોળા ખાવાથી શરદી સામે રક્ષણ મળે છે અને ગુંદરથી કમરના દુખાવા સામે રક્ષણ મેળવી શકાય છે. આમ, શહેરીજનો શિયાળુ પાક સાથે કચરિયું આરોગીને પોતાની સેહત બનાવી રહ્યા છે.



પુરૂષ અને મહિલા એમ બન્ને પ્રકારના અવાજમાં ગીતો ગાવા માટે જાણીતા ગાંધીનગરના ગાયક કલાકાર ભીખાભાઈ પંચાલની કરાઓકે ટ્રેક શૉ સાથેની ગાયકીનો કાર્યક્રમ શનિવારની રાત્રે સેક્ટર-૧૨ના ડૉ. આંબેડકર હોલ ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં તેમણે મો. રફી, લતા મંગેશકર, આશા ભોંસલે, કિશોરકુમાર, મુકેશ વગેરેથી માંડીને કેટલાક અન્ય કલાકારોના ગીતોની એકલે હાથે સુરિલી પ્રસ્તુતિ કરી શ્રોતાઓને ડોલાવી દીધા હતા. આશરે અઢી કલાકથી પણ વધુ ચાલેલા આ કાર્યક્રમનું આયોજન શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા કરવામાં આવ્યું હતું જેનું સંચાલન બિજય તિવારીએ કર્યું હતું.




## નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

લાયન્સ કલબ ગાંધીનગર અને ઓગણજ આંખની હોસ્પિટલ દ્વારા તા. ૧૫ ડિસેમ્બરના રોજ દહેગામ તાલુકાના ગલુદણ સોનારડા ગામની પ્રાથમિક શાળા ખાતે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦ જેટલા દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. ૬૮ દર્દીઓના મોતિયાનું નિદાન કરી ૪૮ દર્દીઓને હોસ્પિટલ ખાતે દાખલ કરાયા તથા ૧૭૯ જેટલા લાભાર્થીઓને રાહતદરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પના આયોજનમાં પૂર્વ પ્રમુખ લાયન મૌલિક ચૌધરી તથા સભ્યો અને હોદ્દેદારોનો ખાસ ફાળો રહ્યો હતો આ કેમ્પમાં લાયન્સ કલબના લાયન ડાયરેકટર, રીજીયન ચેરમેન પૂર્વ પ્રમુખ તથા ખજાનચી ઉપસ્થિત રહ્યા હતા.







શિયાળો આવે એટલે વિવિધ સમાજના સ્નેહમિલનના કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. સમાજના નાના-મોટા સૌ સભ્યો એક સ્થળે એકત્ર થઈ સમૂહભોજન કરે અને વિચારોનું આદાન પ્રદાન કરે તે હેતુથી આવા સ્નેહમિલન કાર્યક્રમો યોજાય છે. શ્રી ૪૨-૮૪ કડવા પાટીદાર સમાજ ગાંધીનગરનો સ્નેહમિલન કાર્યક્રમ સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં ૨૦૦ જેટલા તેજસ્વી તારલાઓનું ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું તથા સમાજના દાતા અને ડૉકટરોને સમાજ દ્વારા બિરદાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સ્વાગતવિધિ મંત્રી કૃણાલભાઈ તથા સ્વાગત પ્રવચન પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉદઘોષક નિલેષભાઈ તથા તમામ કારોબારી સભ્યોનો વિશેષ ફાળો રહ્યો હતો. આ પ્રસંગે સામાજીક નાટક ‘લાવ હાથ માંગુ તારો સાથ’ નાટક સભ્યો દ્વારા માણવામાં આવ્યું હતું.

## જેઠાભાઈ પટેલે શબ્દોની રમતો રમાડી “વિશેષણ” શીખવ્યાં





ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના સેક્ટર-૨૦માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે આજે યોજાયેલ માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની કાર્યશાળામાં પ્રખર ભાષાવિદ અને સર્જક હોવા સાથે આજીવન શિક્ષક રહેલા મહેસાણાના જેઠાભાઈ પટેલે ઉપસ્થિત ભાષા મુમુક્ષુઓને શબ્દ, નામ, સર્વનામ, વિશેષણ સંજ્ઞા વગેરેની રમતો રમાડી વિશેષણના વિવિધ પ્રકારો શીખવ્યાં હતા. કાર્યશાળાના પ્રારંભે પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ હર્ષદભાઈ શાહે સ્વાગત પ્રવચન કરતા કહ્યું હતું કે “ગુજરાતી ભાષા એ આપણું ઘરેણું છે” આજની કાર્યશાળામાં બીએડ કોલેજના યુવા વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં જોડાયાં હતા. કાર્યશાળાના સમાપને જેઠાભાઈએ માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની આગામી સળંગ ચાર કાર્યશાળાઓ લઈ ગુજરાતી ભાષામાં નામ, સર્વનામ, સંજ્ઞા, વિશેષણ વગેરે અંગે ઊંડાણપૂર્વકની તાલીમ આપવાની વાત કરતા ઉપસ્થિત તમામ ભાષા મુમુક્ષોઓમાં આનંદની લાગણી છવાઈ હતી.

## જિલ્લા કક્ષાના ખેલમહાકુંભની રમતોમાં સેક્ટર-૧૬ની સરકારી પ્રાથમિક શાળાનો યશસ્વી દેખાવ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરથી રાજયકક્ષાના ખેલ મહાકુંભનો પ્રારંભ થઈ ચુકયો છે અને શરૂઆતના તબક્કામાં જ શહેરની સરકારી સ્કૂલના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરતા નવી આશા જગાવી હતી. શહેરની મધ્યમાં સ્થિત સે-૧૬ ખાતેની સરકારી પ્રાથમિક શાળાના ખેલાડીઓએ જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધામાં ત્રણ રમતોની અલગ અલગ કેટેગરીમાં મળીને કુલ પાંચ સ્થાનો પર નોંધપાત્ર સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિજેતા ખેલાડીઓને શાળાના આચાર્ય અરૂણભાઈ



પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

ગઈકાલે પ્રેક્ષાભારતી ખાતે ગુજરાત સરકાર દ્વારા આયોજિત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત સંચાલિત જિલ્લા કક્ષાના ખેલમહાકુંભ પારિતોષિક અર્પણ સમારોહમાં સે-૧૬ સરકારી પ્રાથમિક શાળાના વિજય પટણી, સેજલ ભરવાડ તથા અનુષ્કા રાવતને પ્રમાણપત્રો તથા રોકડ પુરસ્કાર આપી સન્માનવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વિજય પટણીએ જિલ્લા કક્ષાની સ્ટેન્ડિંગ બ્રોડ જન્પ રમતમાં અન્ડર-૯ કેટેગરીમાં પ્રથમ સ્થાન અને ૩૦ મીટર દોડમાં તેજ કેટેગરીમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સેજલ ભરવાડે જિલ્લા કક્ષાની કુસ્તીની રમતમાં અન્ડર-૧૪ કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું જયારે અનુષ્કા રાવતે જિલ્લા કક્ષાની અન્ડર-૧૪ કેટેગરીની કુસ્તીમાં દ્વિતિય અને કબડ્ડીમાં ટીમ ઈવેન્ટમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.



ગાંધીનગર શહેર રાજકીય પાટનગર હોવા સાથે સાહિત્ય અને કલા-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી જેટલું ધમધમતુ છે તેટલી જ સેવાકીય પ્રવૃત્તિઓની મહેક પણ પ્રસરાવતુ શહેર છે. છેલ્લાં કેટલાક વર્ષોથી દર રવિવારે સે. ૨૫ની ઈલેક્ટ્રોનિક્સ જીઆઈડીસી પાછળ જોગણીમાતાના મંદિર પાસેના નિર્મોહી આશ્રમથી શહેરના કેટલાક સેવાભાવી યુવાનો દ્વારા ખિચડી સેવા ચલાવવામાં આવે છે. આ યુવાનો અહીં ખિચડી તૈયાર કરી શહેરની ઝુંપડપટ્ટીઓમાં વસતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને સેક્ટરે સેક્ટરે ફરીને તેનુ નિઃશુલ્ક વિતરણ કરે છે.

# ગાંધીનગર ટીપી-૯ના સંગઠનનું સ્નેહમિલન યોજાયુ

## વિવિધ સમસ્યાના સમાધાન અને વિસ્તારની સુવિધા માટે વિસ્તૃત ચર્ચાઓ હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરની સરહદો ઉપર રાજાની કુંવરીની જેમ વિકસિત થઈ રહેલા વિસ્તારોમાં ટીપી-૯ સરગાસણનો ખુબ જ વિકાસ થયો છે. અનેક વિવિધ સ્કીમો થકી મોટી સંખ્યામાં લોકોનું રહેઠાણ અહીં વધ્યું છે. જે માટે ગુડા દ્વારા અનેક સુવિધાઓ ઉભી કરાઈ છે છતાં હજુ પણ ઘણી પ્રાથમિક સુવિધાઓથી આ વિસ્તાર વંચિત રહ્યો છે ત્યારે અહીંના લોકો દ્વારા એક સંગઠન ઉભું કરી તંત્ર સમક્ષ સુવિધાઓ વધારવા ટીપી-૯ના



સંગઠન પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટે આજે સ્નેહમિલન સમાંરભનું આયોજન કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહાનુભાવો સહિત વિવિધ સોસાયટીના હોદ્દેદારો અને સભ્યો હાજર રહ્યા હતા.

ટીપી-૯ વિસ્તારમાં રેડીયન્ટ સ્કુલમાં ટીપી-૯ વસાહત મંડળ સંચાલિત પ્રયાસ ચેટીટેબલ ટ્રસ્ટે સ્નેહમિલનનું આયોજન કર્યું હતું. જેમાં પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ નમેરા, ઉપપ્રમુખ હિંમતભાઈ પટેલ, ઉવારસદ ગ્રામ પંચાયતના સરપંચ ખુશાલજી ઠાકોર, માજી સરપંચ ગોરધનભાઈ પટેલ, સરગાસણ ગ્રામ પંચાયતના સરપંચ ગીતાબેન પટેલ, રેડીયન્ટ સ્કુલના મેનેજીંગ ટ્રસ્ટી તનેરીયા, મેનેજીંગ ડિરેકટર સનારીયા, ટ્રસ્ટી અને પ્રિન્સીપાલ વામજી, પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટના નૈષધ ભટ્ટ સહિતના હોદ્દેદારો અને ટીપી-૯ની સોસાયટીના ચેરમેન, મંત્રી સાથે મોટી સખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા.

હાજર મહાનુભાવોએ ટીપી-૯ની વિવિધ સમસ્યાઓ અને સુવિધા બાબતે પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ સંગઠીત થઈ તંત્ર સમક્ષ રજુઆતો કરી પ્રાથમિક સુવિધાઓ પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો કરવા ભાર મુકયો હતો.

**મુવી હાઉસ**

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૨૦.૪૫
**મર્દાની-૨**
૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૫૦, ૫.૧૫, ૭.૪૦, ૧૦.૦૫
**પતિ પત્નિ ઔર વો**
૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૩૦
**પાનીપત** - ૧૨.૪૫, ૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૫.૪૦
**કમાન્ડો ૩** - ૧૨.૨૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૯.૩૦, ૧૨.૦૫, ૨.૪૫, ૫.૨૫, ૮.૦૫, ૨૦.૪૫
(અંગ્રેજી) ૧૦.૩૦, ૯.૩૦
**મર્દાની-૨**
૧૦.૨૫, ૧૨.૪૫, ૩.૦૫, ૮.૧૫, ૧૦.૩૫
**પતિ પત્નિ ઔર વો**
૧૦.૫૦, ૧.૩૫, ૪.૨૦, ૧૦.૧૫
**પાનીપત**
૯.૫૦, ૩.૫૫, ૧૦.૦૫
**કમાન્ડો-૩** - ૧.૧૦
**હેલ્લારો (ગુજરાતી)**
૩.૫૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૧૨.૩૫, ૨.૫૫, ૫.૧૫, ૭.૪૦, ૧૦.૦૫
(અંગ્રેજી) ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૩૫, ૨.૧૫, ૪.૫૫, ૭.૩૫, ૯.૧૫, ૧૦.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૯.૩૦, ૧૨.૩૫, ૩.૪૦, ૬.૩૦, ૯.૫૫
**પાનીપત** - ૧૨.૧૦, ૬.૨૫
**કમાન્ડો-૩** - ૪.૦૫

**સિટી પલ્સ, કુડાસણ**

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(હિન્દી) ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૦૦
(અંગ્રેજી) ૨.૪૫, ૭.૪૫
**મર્દાની-૨**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૨.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
**પાનિપત**
૧૨.૪૫, ૬.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૨.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
**ચાલ જીવી લઈએ** - ૧૧.૪૫
**હેલ્લારો (ગુજરાતી)** - ૭.૩૦

**આજે ગાંધીનગરમાં**

● સે-૧ સ્થિત સમદર્શન આશ્રમ ખાતે પૂજય ગુરૂમા સમાનંદ સરસ્વતીજીની વ્યાસપીઠે યોજાયેલ ભાગવત કથા અંતર્ગત સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૫ દરમિયાન પ્રહલાદ ચરિત્ર અને નૃસિંહ અવતાર યોજાશે.

**ચિરવિદાય**

● સ્વ. શ્રીમાળી કમલેશભાઈ નટવરભાઈ, ઉ.વ. ૫૪
● સ્વ. સુથાર પ્રહલાદભાઈ જેઠાભાઈ, ઉ.વ. ૮૯
● સ્વ. ખાંટ આશિષજી ભીખાજી, ઉ.વ. ૨૦